Extra No. 175

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **SATURDAY, July 04, 2026 / ASADHA 13, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું ::-

- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાટણના Letter No.: EERBD/0023/07/2026 Dt.01.07.2026

જાહેરનામું

-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનું :-

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૯૮૭૫ થી ૯૯૪૧/૨૦૨૬.-કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાટણના Letter No.: EERBD/0023/07/2026 Dt.01.07.2026થી સિધ્ધપુર પેટા વિભાગ હસ્તકના પાટણ-ઉંઝા રોડ ઉપર બાલીસણા ગામ પાસે સુજલામ - સુફલામ કેનાલ પર હયાત દ્વી-માર્ગીય બ્રીજની જગ્યાએ નવીન ચાર માર્ગીય માઈનોર બ્રીજ બનાવવાની કામગીરીમાં સમાવિષ્ટ ગર્ડર લોચીંગની કામગીરી શરૂ થનાર હોઈ, સદર ગર્ડર લોચીંગ કામગીરી દરમિયાન સદર રસ્તા પરનો ટ્રાફિક બંધ કરવો ખુબ જ જરૂરી હોઈ, સદરહું કામગીરી દરમિયાન ઉક્ત રસ્તા પરનો ટ્રાફિક તા. ૦૪/૦૭/૨૦૨૬ થી તા.૦૭/૦૭/૨૦૨૬ (દિન-૪) સુધી નીચે મુજબના મુજબના અન્ય રસ્તા ઉપર ડાયવર્ઝન આપવા માટે જરૂરી જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

ભારે વાહનો માટે ડાયવર્ઝન રૂટ :-

ક્રમ	હયાત રૂટ	લંબાઈ કી.મી.	વૈકલ્પિક ડાયવર્ઝન રૂટ	લંબાઈ કી.મી.
૧	પાટણ-ઉંઝા રોડ	૨૬.૦૦ કી.મી.	પાટણ થી ખળી ચાર રસ્તા (સિધ્ધપુર) થી ઉંઝા	૩૩.૦૦ કી.મી.

સ્થાનિક નાના વાહનો માટે ડાયવર્ઝન રૂટ :-

ક્રમ	હયાત રૂટ	લંબાઈ કી.મી.	વૈકલ્પિક ડાયવર્ઝન રૂટ	લંબાઈ કી.મી.
૧	કુડેર પાટીયા થી બાલીસણા	૦૩.૦૦ કી.મી.	કુડેર પાટીયા થી કુડેર ગામ થી બબાસના થઈ બાલીસણા	૦૬.૦૦ કી.મી.

ક્રમ	હયાત રૂટ	લંબાઈ કી.મી.	વૈકલ્પિક ડાયવર્ઝન રૂટ	લંબાઈ કી.મી.
૨	ધારપુર થી બાલીસણા	૦૬.૦૦ કી.મી.	બાલીસણા થી સંડેર થી હમીદપુર થી આંબલીયાસણ થઈ પાટણ - ઉંઝા હાઈવે ધારપુર સુધી	૧૮.૦૦ કી.મી.

સબબ, પાટણ-ઉંઝા રોડ ઉપર બાલીસણા ગામ પાસે સુજલામ - સુફલામ કેનાલ પર નવીન ચાર માર્ગીય માઈનોર બ્રીજ બનાવવાની કામગીરીમાં સમાવિષ્ટ ગર્ડર લોચીંગની કામગીરી શરૂ થનાર હોઈ, સદર ગર્ડર લોચીંગ કામગીરી દરમિયાન ભારે વાહનો તથા સ્થાનિક નાના વાહનો માટે બંધ કરી અન્ય રસ્તા પર ડાયવર્ટ કરવાની માંગણી પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું પ્રશાંત જીલોવા, IAS, જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ પાટણ-ઉંઝા રોડ ઉપર બાલીસણા ગામ પાસે સુજલામ - સુફલામ કેનાલ પર નવીન ચાર માર્ગીય માઈનોર બ્રીજ બનાવવાની કામગીરીમાં સમાવિષ્ટ ગર્ડર લોચીંગની કામગીરી શરૂ થનાર હોઈ, સદર ગર્ડર લોચીંગ કામગીરી દરમિયાન ભારે વાહનો તથા સ્થાનિક નાના વાહનો પસાર થવા પર પ્રતિબંધ ફરમાવું છું તથા ભારે વાહનો માટે નીચેના વૈકલ્પિક જાહેર રસ્તાનો ઉપયોગ કરવા આદેશ ફરમાવું છું.

ભારે વાહનો માટે ડાયવર્ઝન રૂટ :-

ક્રમ	હયાત રૂટ	લંબાઈ કી.મી.	વૈકલ્પિક ડાયવર્ઝન રૂટ	લંબાઈ કી.મી.
૧	પાટણ-ઉંઝા રોડ	૨૬.૦૦ કી.મી.	પાટણ થી ખળી ચાર રસ્તા (સિધ્ધપુર) થી ઉંઝા	૩૩.૦૦ કી.મી.

સ્થાનિક નાના વાહનો માટે ડાયવર્ઝન રૂટ :-

ક્રમ	હયાત રૂટ	લંબાઈ કી.મી.	વૈકલ્પિક ડાયવર્ઝન રૂટ	લંબાઈ કી.મી.
૧	કુડેર પાટીયા થી બાલીસણા	૦૩.૦૦ કી.મી.	કુડેર પાટીયા થી કુડેર ગામ થી બબાસના થઈ બાલીસણા	૦૬.૦૦ કી.મી.
૨	ધારપુર થી બાલીસણા	૦૬.૦૦ કી.મી.	બાલીસણા થી સંડેર થી હમીદપુર થી આંબલીયાસણ થઈ પાટણ - ઉંઝા હાઈવે ધારપુર સુધી	૧૮.૦૦ કી.મી.

અમલવારીનો સમયગાળો

આ જાહેરનામું, તા.૦૪/૦૭/૨૦૨૬ થી તા.૦૭/૦૭/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

શિક્ષા ::-

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ / વ્યક્તિ / સંસ્થા ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે. તેમજ સદરહું જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવાની કાર્યવાહી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), પાટણ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓએ કરવાની રહેશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક બંધ કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ ખાતા દ્વારા કરવાની રહેશે. તેમજ રોડ બંધ છે તેવા બોર્ડ જે તે સ્થળોએ સ્થાનિક પોલીસે મુકવાના રહેશે. આ જાહેરનામું સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવું.

આજ રોજ તારીખ :૦૩/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવે છે.

પ્રશાંત જીલોવા IAS,
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.08.06 16:40:29 IST